# વિશ્વંભરી સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વવતણી જનેતા,
વિધાધરી વદનમાં વસજો વિધાતા;
દુર્બુધ્ધિ ને દુર કરી સદ્‌બુધ્ધિ આપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
ભુલો પડી ભવરણે ભટકું ભવાની,
સૂઝે નહિ લગીર કોઈ દિશા જવાની;
ભાસે ભયંકર વળી મનના ઉતાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
આ રંકને ઉગરવા નથી કોઈ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાળ તારો;
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
મા કર્મ જન્મ કથની કરતાં વિચારૂં,
આ સુષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું;
કોને કહું કઠણ યોગ તણો બળાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,
આડંબરે અતિ ઘણો મદથી બકેલો;
દોષો થકી દુષિત ના કરી માફ પાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
ના શસ્ત્રના શ્રવણનુ પયપાન કીધું,
હાં મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઈ કીધું;
શ્રધ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
રે રે ભવાની બહુ ભુલ થઈ જ મારી ,
આ જીદગી થઈ મને અતિશે અકારી;
દોષોપ્રજાળી સધલા તવ છાપ છાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.

ખાલી ના કાંઈ સ્થળ છે વીણ આપ ધારો,
બ્રહ્યાંડમાં અણું અણું મહી વસતારો;
શક્તિન માપ ગણવા અગણિત માપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
પાપ પ્રવંચ કરવા બધી વાતે પૂરો,
ખોટો ખરો પણ ભગવતી હું તમારો;
જાડયાંધકાર દૂર કરી સદ્‌બુધ્ધિ આપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
શીખે સુણે રસિક છંદ જ એક ચિતે,
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિતે;
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
શ્રી સદ્‌ગુરુના ચરણ માં રહીને ભજું છું,
રાત્રી–દિને ભગવતી તુજને ભજું છું;
સદ્ ભકત સેવક તણા પરીતાપ ચાંપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
અંતર વિશે અધિક ઉર્મિ થતાં ભવાની,
ગાઉ સ્તુતિ તવ બળે નમીને મુડાની;
સંસારના સકળ રોગ સમૂળ કાપો,
મામપાહી ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.
તારા સિવાય જગમાં નથી કોઈ માંરૂ,
સાચા સગા ભગવતી બહું મેં વિચાર્યુ;
ભુલું કદાચ ભવ પાશ તણા કુસંગે,
માગુ ક્ષમા ત્રિપુર સુંદરી આ પ્રસંગે.